BAOU Education for All | Dr. Babasaheb Ambedkar Open University (Established by Government of Gujarat)
A Refereed and Peer-Reviewed International e-Journal of Humanities and Social Sciences
Website: http://jyotirmay.baou.edu.in/chaitanya/ Email: chaitanya.ejournal@baou.edu.in
॥ चैतन्य ॥ CHAITANYA
ISSN: 2582 2802

**Year–06, Volume –06, Issue–04, December–2025**

# સૌરાષ્ટ્રના સંત શ્રી સુખરામભગતની અમૃતવાણી
## (સંતશ્રીના જીવન-કાર્ય અને 'સુખવિલાસ' પદસંગ્રહના સામાન્ય પરિચય સંદર્ભે)

– કનુભાઈ બ. બારૈયા

**સારાંશ (Abstract):**

પ્રસ્તુત સંશોધન લેખનો મુખ્ય ઉદ્દેશ સૌરાષ્ટ્રની સમૃદ્ધ અને વૈવિધ્યસભર સંતપરંપરામાં અગત્યનું સ્થાન ધરાવતા સંતકવિ શ્રી સુખરામ ભગત (સુખરામબાપુ)ના જીવનચરિત્ર તથા તેમના એકમાત્ર ઉપલબ્ધ પદસંગ્રહ 'સુખવિલાસ'નું સાહિત્યિક તેમજ આધ્યાત્મિક દૃષ્ટિએ વિમર્શાત્મક મૂલ્યાંકન કરવાનો છે. લેખ એ દર્શાવે છે કે સંધિ કુળમાં જન્મ લેવા છતાં સુખરામ ભગતે રામદેવપીરની ભક્તિ અને ગિરનારના સંત બુદ્ધગિરિબાપુના સાન્નિધ્ય દ્વારા કોમી એકતા અને સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. 'સુખવિલાસ'માં સંકલિત 252 પદરચનાઓ—ભજન, કીર્તન, પ્રભાતિયાં, ગરબી તથા ધોળ-માં ગુરુમહિમા, નશ્વરતાનો બોધ, સમાજની કુરીતિઓ પર ટીકા અને ઈશ્વરભક્તિના ભાવસૂર પ્રગટ થાય છે. અંતે, લેખ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં હાંસિયામાં રહી ગયેલા પરંતુ મહત્ત્વના સંતકવિઓના યોગદાનને નોંધવાની અનિવાર્યતા પર ભાર મૂકે છે.

**ચાવીરૂપ શબ્દો (Keywords):** સંતસાહિત્ય, સુખરામ ભગત, સુખવિલાસ, સૌરાષ્ટ્રની સંતપરંપરા, ભજન, સામાજિક સમરસતા, રામદેવપીર.

પ્રાચીનકાળથી સમગ્ર ભારતવર્ષ તેમજ જગતમાં સૌરાષ્ટ્રની ધરતીની ખ્યાતિ સંતો, શૂરવીરો ને સિંહોથી અવિરત વહેતી સરિતા તરીકે રહેલી છે. ઇતિહાસમાં આ ધરાને હિમાલયથી પણ વર્ષો જૂની આંકવામાં આવી છે. અહીંનો ગિરનાર પર્વત ખૂબ જ જૂનો છે. આ પર્વત પર સિદ્ધચોર્યાશીનાં બેસણાં છે. અહીં તેંત્રીસ કોટિ દેવી-દેવતાઓનો વાસ છે. આ ભૂમિ પર અનેક સંત મહાત્માઓ, જતી-સતીઓ, ઐતિહાસિક રાજા-મહારાજાઓ તેમજ શૂરવીરો થયા છે. સમગ્ર ગુજરાતી સાહિત્ય જેની સાખ પૂરે છે. હેમચંદ્રાચાર્ય, જૈન કવિઓ, નરસિંહ મહેતા, મીરાંબાઈ, ભાલણ, નાકર, જ્ઞાની કવિ અખો, આખ્યાન કવિ પ્રેમાનંદ, ધીરા ભગત, ભોજા ભગત, દયારામ, ગંગાસતી વગેરે અનેક નામી-અનામી સંત કે ભક્ત કવિઓ પાસેથી આપણા સંસ્કારજીવનને સમૃદ્ધ કરતું સાહિત્ય મળે છે. એમાં સંતવાણીને માનવજીવનનો ઉદ્ધાર કરનારી સંતો-ભક્તોના હૃદયકમળમાંથી આવતી ગંગા સમી પવિત્ર અમૃતવાણી ગણવામાં આવે છે. સંતવાણીમાં આધ્યાત્મિકતા, સંસ્કારિતા, આત્મદર્શન તેમજ સમાજ અને સંસ્કૃતિ અંગેનું કલ્યાણમય દર્શન પ્રગટ થતું હોય છે. અત્રે સંત શ્રી સુખરામ ભગતની

Chief – Editorial Board: Prof. Ami Upadhyay, Hon'ble Vice Chancellor, BAOU, Ahmedabad.
Editor: Prof. Yogendra Parekh

પદરચનાઓનો સંતવાણીના સંદર્ભમાં અભ્યાસ કરવાનો વિશેષ ઉપક્રમ છે. સંત શ્રી સુખરામ ભગત પાસેથી 'સુખવિલાસ' નામે એક માત્ર પદસંગ્રહ પ્રાપ્ત થાય છે. આ સંગ્રહ તેઓના શિષ્ય શ્રી ખોડાભાઈ દેવશીભાઈ મૂળાણીએ ગુરુ સુખરામ આશ્રમ, ભમોદ્રામાં ગુરુની સમીપે રહીને ગુરુવાણીને અક્ષરદેહ આપ્યો હતો. પછીથી તેમણે સુખરામ ભગતના સંક્ષિપ્ત જીવનચરિત્ર સહિત તેઓની 252 પદરચનાઓ પુસ્તક સ્વરૂપે પ્રગટ કરી હતી. અભ્યાસ માટે પ્રાપ્ત 'સુખવિલાસ' પદસંગ્રહનું પ્રકાશન સંવત 2060માં રામજીમંદિર મોટા ભમોદ્રા થકી થયું હતું. તે ઉપરાંત જશવંત ભટ્ટ અને બરકત લાખાણી પાસેથી સંતશ્રીના જીવન અંગે 'ભક્તશ્રી સુખરામજી' નામે ભાવનગરથી દોસ્તી પ્રકાશન દ્વારા પ્રકાશિત થયેલ જીવનચરિત્ર મળે છે. આ બંને પુસ્તકો હાલ તો દુર્લભ છે, પરંતુ તે બંને પુસ્તકો સંતશ્રી સુખરામ ભગતની પરંપરાના ભમોદ્રા આશ્રમ (જિ. અમરેલી), ઘોબા આશ્રમ (જિ. ભાવનગર) અને પૂજ્ય ગુરુશ્રી ચેતનદાસબાપુના હિપાવડલી ગામના પાદરમાં (તા. જેસર, જિ. ભાવનગર) સ્થિત 'સ્વામીની મઢી' આશ્રમમાંથી આ લખનારને પ્રાપ્ત થયેલ છે. અહીં સંતશ્રીના સમયની તત્કાલીન પરિસ્થિતિ, તત્કાલીન પ્રવાહો તેમજ તેમના જીવન વિશે તથા તપોભૂમિ-કર્મભૂમિ અને તેમની ગુરુ-શિષ્ય પરંપરા વિશે પણ સંક્ષિપ્ત જાણકારી પ્રાપ્ત કરીએ.

ગુજરાત અને સમગ્ર ભારતખંડમાં મુઘલ સલ્તનતના કટ્ટરવાદી શાસક ઔરંગઝેબના આત્યંતિક જુલ્મને લીધે પ્રજાજીવનમાં ખૂબ જ ભય અને ધાર્મિક કટોકટી આવી પડી હતી. ઈ.સ. 1758થી 1858સુધીનો મરાઠાકાળ રહ્યો. તે દરમિયાન પ્રજાજીવનમાં વ્યાપેલો ભય ઓછો થયો અને સ્વધર્મી શાસનથી પ્રજાજીવનમાં થોડી શાંતિ વ્યાપી, પરંતુ સામાજિક ન્યાયની દ્દષ્ટિએ ગુજરાતને આ ગાળામાં અત્યાચાર-શોષણનો ભોગ બનવું પડ્યું. ગુજરાતની આ સ્થિતિ ઈ.સ. 1858થી ઈ.સ. 1947 સુધીના બ્રિટિશ-રાજ્ય અમલ દરમિયાન પણ યથાવત્ રહી. મુઘલ, મરાઠા અને બ્રિટિશ-શાસન આ ત્રણે શાસનકાળ દરમિયાન ગુજરાતના મોટા ભાગની પ્રજાને તો તેમના દેશી રજવાડાના સ્વધર્મી શાસનનો લાભ મળતો રહ્યો. જેમાં સોલંકી, વાઘેલા, ગોહિલ, પ્રતિહાર, પઢિયાર(બારૈયા), જાડેજા, પરમાર, ચુડાસમા, ચાવડા, ઝાલા, ખીચી, કાઠી, જેઠવા, વાઘેર, રાઠોડ, સિસોદિયા વગેરે રાજપૂત રાજવંશોના શાસન રહ્યાં. ગુજરાતી સાહિત્યમાં હવે મધ્યકાળનો અંત અને અર્વાચીન કાળનો ઉદય થયો હતો. અંગ્રેજી કેળવણી અને સમાજસુધારાનો કાલખંડ શરૂ થયો હતો.

આમ છતાં આ સમયે સમાજમાં વર્ણભેદ, જાતિ-જ્ઞાતિભેદ, આભેડછેટની માન્યતા, ધર્મના નામે પાખંડ, ભૂત-જિનાત-ડાકણ વગેરે બાબતે અંધશ્રદ્ધા, ચોરી-લૂંટફાટ, માંસ-મદિરા વગેરે દૂષણો સમાજમાં હજુ સુધી ઘર કરીને બેઠાં હતાં. આવા કપરા સમયે નિર્બળ અને નિર્ધન પ્રજા પાસે ગોલાપા કરવા સિવાય કોઈ વિકલ્પ ન હતો. ડાકુઓ દ્વારા લૂંટફાટ ચલાવાતી અને ભક્તજનોની હાંસી પણ ઉડાવવામાં આવતી. સમાજજીવનના આવા દારુણ સમયે તત્કાલિન સ્થિતિએ ભાવનગર જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ભમોદ્રા ગામે સુખરામ નામે એક સંત પધારે છે અને ભમોદ્રા સહિત આસપાસના દરબારી ગામડાંઓમાં ભજનમંડળી રચીને ઈશ્વરના ભજન કીર્તન અને સંતવાણી દ્વારા વ્યક્તિ તથા સમાજસુધારાની સાથે માનવજીવન સંસ્કારી અને ઊર્ધ્વગામી બને તેના માટે આ સંત પરમાર્થનું કાર્ય કરે છે. લોકસાહિત્યના એક દુહામાં કહેવાયું છે તે આ સંતપુરુષના જીવનઅંગે ખરું ઠરે છે:

**"સંત, સપૂત ને તૂમ્બડાં,**
**ત્રણેનો એક જ સ્વભાવ;**
**પોતે તરે અને બીજાને પણ તારે."**

આ રીતે પરમાર્થે જીવન જીવનાર સંત શ્રી સુખરામબાપુ રામદેવપીરના પરમ ભક્ત હતા. તેઓ મહાત્મા ગાંધીના(ઈ.સ. 1869) સમકાલીન હતા. તેમનો જન્મ તત્કાલીન રાજકીય સ્થિતિએ ભાવનગર જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ગામડામાં રહેતા મુસલમાન જાતિના સંધિકુળમાં ઈ.સ. 1870માં થયો હતો. આ સમયે અમરેલી મરાઠા-આધિપત્યમાં હતું. જ્યારે સાવરકુંડલા ભાવનગર દરબારના તાબામાં હતું. (હાલમાં સાવરકુંડલા અમરેલી જિલ્લાના તાલુકા તરીકે ભમોદ્રાથી પશ્ચિમે 25 કિલોમીટર દૂર આવેલું છે.) સાવરકુંડલાના મોટા ભાગના ગામડાંઓમાં કાઠી દરબારો ગામધણીપણું ભોગવતા હતા. ભમોદ્રા ગામ તેમાંનું એક હતું. ત્યારે ભમોદ્રા ગામે ગોલણબાપુ ખુમાણ તથા ભોજબાપુ ખુમાણ દરબારગઢમાં અનાથબાળકોને આશરો આપવાનું કામ કરતા હતા. દરબારશ્રી ગોલણબાપુ ભજન સાંભળવાના શોખીન હતા. ત્યારે ગઢમાં અલી કોટવાળ રહેતો. એ સારો ભજનિક પણ હતો.

ભમોદ્રા ગામની મધ્યમાંથી પાલીતાણાથી સાવરકુંડલા અને ત્યાંથી જૂનાગઢ સુધી જવાનો માર્ગ પસાર થાય છે. ભમોદ્રાથી પૂર્વમાં પાલિતાણા તરફ 18 કિલોમીટર દૂર શેત્રુંજી નદીને કાંઠે ગંગાસતીનો રાજપરા ગામે આશ્રમ (જન્મભૂમિ) આવેલ છે. ભમોદ્રાથી ઉત્તરે પાંચ કિલોમીટર શેત્રુંજી નદી વહે છે. જેમાં ભમોદ્રા ગામની મધ્યમાંથી પસાર થતી એક 'વેકરિયા' નામની નાનકડી નદી દક્ષિણથી ઉત્તરમાં વહીને શેત્રુંજી નદીને મળે છે. એ નદીના કિનારે ભમોદ્રાથી ઉત્તરમાં ત્રણ કિલોમીટર દૂર સંત શ્રી સુખરામ ભગતની ગુરુ-શિષ્ય પરંપરાના શ્રી ચેતનદાસબાપુનો આશ્રમ આવેલ છે. જ્યાં તેઓ આજે પણ અનાથ બાળકોને આશ્રય આપીને સમાજજીવનમાં સ્વનિર્ભર રીતે સ્થાપિત કરવાનું સેવાકાર્ય કરી રહ્યા છે.

સંધિકુળમાં જન્મેલા સુખરામને તેનાથી એક મોટા ભાઈ અને પોતાનાથી એક નાનાં બહેન હતાં. સુખરામ ભગતને સહુ કોઈ 'સુખો' કહીને બોલાવતા. સુખો જ્યારે છ વર્ષનો હતો ત્યારથી ત્રણે ભાઈ-બહેને માતા-પિતાની છત્રછાયા ગુમાવી હતી. ત્રણે ભાઈ-બહેન નિરાધાર થતાં સુખાના મોટા ભાઈ સુખાને તથા નાની બહેનને લઈ ગારિયાધાર તાલુકાના ભંડારિયા ગામે પોતાના મોસાળમાં આશ્રય લે છે. મોસાળમાં ન ફાવતા નાની બહેનને ત્યાં જ રહેવા દઈ, સુખાને સાથે લઈ મોટા ભાઈ રઝળતાં-રઝળતાં ઈંટિયા ગામે પોતાના સંબંધીને ત્યાં જવા ચાલી નીકળે છે. રસ્તામાં ભમોદ્રા ગામના પાદરમાં બન્ને ભાઈઓ પોરો(વિસામો) ખાવા વૃક્ષની છાયામાં બેસીને રડે છે. દરબારશ્રી ગોલણબાપુ ખુમાણને આ છોકરાઓની નિરાધાર સ્થિતિની જાણ થતાં બંનેને દરબારગઢમાં બોલાવી કાયમી આશ્રય આપવા જણાવે છે. સુખરામના મોટા ભાઈ દરબારશ્રીને પોતાના નાના ભાઈ સુખાને સોંપીને પોતે ઈંટિયા જતા રહે છે.

અહીં ગઢમાં સુખો ગાય-ભેંસોની સેવા કરતો ને છાણ-વાસીદાં કરતો મોટો થાય છે. સુખાની ગૌસેવા જોઈ ગઢના માણસો પણ આ મુસ્લિમ છોકરાને વહાલ કરવા લાગે છે. એક બાજુ અલી કોટવાળ સુખાને ધીમેધીમે ભજનની લત લગાડે છે. સુખો સારું ગાય છે તેની જાણ થતા રોજ સૂતી વખતે ગોલણબાપુ 'સુખરામ ગારદી' કહીને બોલાવે અને પાસે બેસાડીને પાંચેક ભજન ગવડાવે. આ સંધિના છોકરામાં તેમને પણ માયા

લાગે છે. સુખરામને મધુર કંઠ તો ઈશ્વરદત્ત વરદાન જ હતું. તેઓ ભજનિકોની મંડળીમાં જોડાયા અને નિત્ય હરિભજનથી ટેવાય છે. સુખરામ અલી કોટવાળ તેમજ ભજનિક મંડળીમાંથી નરસિંહ, મીરાં, ગંગાસતી, ભોજા ભગત, ધીરા ભગત વગેરેની પદરચનાઓ સાંભળે છે. જે આગળ જતાં તેમની સર્જકતાનું કારણ બને છે.

સાવરકુંડલા પ્રાંતમાં તે સમય મરકી મહામારી ફાટી નીકળતા પ્રજાજીવનમાં ભય ફેલાય છે. સૌ કોઈને આવી દુ:ખની વેળાએ ઈશ્વર સાંભરે છે અને ક્યારેય મંદિરનું પગથિયું પણ ન ચડનારા હવે સુખરામની ભજનમંડળીમાં પ્રભુભજન માટે આવવા લાગે છે. સુખરામની ઈશ્વરભક્તિ હવે પૂર્ણપણે ખીલે છે. તે સમયની સ્વામિનારાયણ સંપ્રદાયની કીર્તનમંડળીઓના પ્રભાવને કારણે સુખરામના જીવન-સર્જન પર કૃષ્ણભક્તિ તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયની અસર પણ પડે છે. હવે સુખરામનાં હ્રદયદ્વાર ખૂલે છે અને એમના મુખમાંથી ભક્તિમય ભજનોની અમીધારા વહેવા માંડે છે. એક દિવસ ભજનિક મંડળીમાં ભજન શરૂ થાય છે ત્યારે સુખરામના કંઠેથી નવું જ કીર્તન પ્રગટે છે:

**"આવ્યો રે અવસર તેને ઓળખો, તજી કપટ તમામજી**
**અખંડ અઝાચીપદ પામવા, ઝાજુ કરોને જતનજી...ટેક**
**પૂરવના પુણ્યપ્રતાપથી, ઈશ્વરે આપ્યું આ તનજી,**
**હીરો દીધો છે તારા હાથમાં મૂરખ જાણજે મનજી... આવ્યો 1**
**માયા તણી મધલાળમાં, ભટક્યો, ભુવનો ભુવનજી**
**માથે નગારા વાગે મોતનાં, માન મારું વચનજી ... આવ્યો 2**
**અંત સમે કોઈ આવે નહિ, વ્હાલા વિત કે વતનજી,**
**ધરમ આવે દોડી ઢૂંકડું, કાંતો ભક્તિ ભજનજી ... આવ્યો 3**
**માટે કહું છું તે માનજો, સત્ય જાણજો સુજનજી**
**સુખરામ કહે છેલ્લી વાત છે, કરજો લાલથી લગનજી... આવ્યો 4"** (ભટ્ટ અને લાખાણી 04-05)

આમ, મનુષ્ય-દેહનો મહિમા સમજાવી, મોહજાળમાં લપેટાતા માનવીને ઈશ્વરભજન તરફ વાળવા સુખરામ પોતાની વાણીમાં વણીવણીને સમજાવે છે. સુખરામ ભગતના ઉપરોક્ત પદમાં ભોજા ભગતની વાણીનો રણકો સંભળાય છે.

જશવંત ભટ્ટ નોંધે છે કે, "એકતારાના રણકાર સાથે અલી કોટવાળ 'હરિને ભજતા કોઈની લાજ જતાં નથી જાણી રે' ભજન વારંવાર ગાય છે અને સુખરામ ઉપર તેની ખૂબ જ ઊંડી અસર પડે છે." (ભટ્ટ અને લાખાણી 05) એક દિવસ સુખરામ કોઈની પણ રજા લીધા વિના ગિરનાર ભણી ચાલી નિકળતા કહે છે કે, ''નુગરા હવે નથી રે'વાતુ'' (ભટ્ટ અને લાખાણી 07) આમ તેઓ સદ્‌ગુરુની શોધમાં જૂનાગઢ જવા ઉપડે છે. રસ્તામાં તેઓ અમરેલીમાં ઓધા ભગત વાંઝાની જગ્યામાં જાય છે. ઓધા ભગતને જાણ થતા તે સુખરામને પોતાના તેજસ્વી સદ્‌ગુરુ શ્રી બુદ્ધગિરિબાપુ વિશે જણાવે છે. પછી બંને બુદ્ધગિરિબાપુને મળવા ગિરનારની તળેટીના જંગલના માર્ગે પ્રયાણ કરે છે. મધ્યગીરમાં 'સાંખ્યાની ખોડિયાર' છે ત્યાં ભયંકર ભોંયરું છે. ત્યાં જઈ તે બંને સમાધિમાં લિન બુદ્ધગિરિબાપુને મળવા માટે સતત ત્રણ દિવસ બેસે છે. ત્રીજા દિવસે સમાધિ ખુલતાં

સદ્‌ગુરુના શરણે બંને દંડવત્ પ્રણામ કરે છે. સુખરામ બુદ્ધગિરિબાપુને સદ્‌ગુરુ ધારણ કરી ગુરુમંત્ર ગ્રહણ કરે છે. પછી તેઓ “ક્યાંય ભટકવું નથી...ભમોદરે જઈને રામદેવપીરનું ભજન કર્ય” (ભટ્ટ અને લાખાણી 10) એવી ગુરુઆજ્ઞા માથે ચડાવી ભમોદ્રા આવીને ગામના સીમાડે એક વાડીમાં ખાડો ખોદાવી ભૂગર્ભમાં સતત એકવીસ દિવસ એક ચિત્તે પ્રભુસ્મરણ કરે છે. કહેવાય છે કે ત્યારબાદ રામદેવજી મહારાજનો સાક્ષાત્કાર થતા તેમનું જીવન ધન્ય બને છે. આ વાતની જાણ ગોલણબાપુના મોટા પુત્ર દરબારશ્રી કાથડબાપુને થતા તેઓ આ સંતના દર્શને જાય છે. તેમને ગામમાં ભક્તિસાધના માટે એક ઓરડી કાયમને માટે આપે છે. પછીથી દરબારના દીકરા ગુજરી જતાં તેમની સ્મૃતિ અર્થે–ધર્મના માટે એક જ શેઢાની એંશી વિઘા જમીન દસ્તાવેજી લખાણ સાથે સુખરામબાપુને આપી દે છે. અયાચક વ્રતધારી સુખરામબાપુ દરબારશ્રીના આગ્રહથી પરમાર્થને કાજે એંશી વિઘા જમીન સ્વીકારે છે. આ જમીન આજે પણ ભમોદ્રા ગામે રહેલા સુખરામબાપુના આશ્રમની માલિકીરૂપે મોજૂદ છે.

સુખરામબાપુ પરમાર્થનાં કામો કરતાં-કરતાં ઈશ્વરભક્તિમાં પોતાનું જીવન વિતાવે છે. પોતાના મોટા શિષ્ય ગરીબદાસબાપુને ભમોદ્રાની ઉત્તરે આવેલ ઘોબા ગામની સીમમાં ‘મોટા નૂરાપીર’ની દરગાહની સેવા સોંપી. તેઓને અયાચક વ્રતથી વિરોધી એવી ઝોળી ચલાવીને અન્નક્ષેત્રની સેવાનું કાર્ય સોંપીને સિદ્ધ સંત કર્યા. તેમના નાના શિષ્ય સંત ઉકારામબાપુને અંતેવાસી તરીકે આશ્રમની સેવાપ્રવૃત્તિ અવિરત ચલાવવા પોતાની પાસે જ રાખ્યા.

સુખરામબાપુની વાર્ધક્ય વયે ઈ.સ. 1926માં ખોડાભાઈ દેવશીભાઈ મુળાણી (પટેલ) પોતાના કુટુંબ સાથે ભમોદ્રામાં રહેવા આવે છે. તે સમયે સુખરામબાપુ પાસે બ્રાહ્મણો ‘રામાયણ’ ભણવા માટે આવતા હતા. બાપુ નિરક્ષર હોવા છતાં કોઠાસૂઝના લીધે વાંચી શકતા અને કાના-માત્રા વગરના બોડા અક્ષરોમાં લખતા પણ ખરા. ખોડાભાઈ બાપુના સેવક બને છે ત્યારથી સુખરામબાપુ ભણેલ-ગણેલ યુવાન ખોડાભાઈ પાસે પોતે રચેલું એક પદ દરરોજ કાના-માત્રા સાથે નોંધપોથીમાં લખાવતા. જે પછીથી ‘સુખવિલાસ’નામે સુખરામબાપુની બધી જ પદરચનાઓ પુસ્તક-આકારે (ઈ.સ. 1933–પ્ર. આ.) પ્રકાશિત થઈ છે.

સુખરામબાપુએ પોતાના જીવનકાળ દરમિયાન ત્રણ મેળા અને ચાર સપ્તાહ કર્યા હતા. જીવનના અંતકાળે ઈ.સ. 1941ના વૈશાખ માસમાં ભાગવતકથા કરાવી હતી. ત્યારપછી ‘ઈશ્વર ભક્તિ તરફ પાછા વળી, ભજન કરતા રહો’ના જયઘોષ સાથે ઈ.સ. 1941માં અષાઢ વદ ચોથ ને શનિવારે સવારના દસ વાગ્યે નશ્વર દેહનો ત્યાગ કરી સંત શ્રી સુખરામબાપુ બ્રહ્મલીન થયા. ભમોદ્રા ગામના આશ્રમની જગ્યામાં તેઓ સમાધિ લે છે. જે ગામમાં દરબારોના ગઢમાં છાણ-વાસીદાં કર્યાં તે ગામમાં જ નહીં પરંતુ આસપાસના સમગ્ર પંથકમાં તેઓ આજે ‘સુખડાપીર’ તરીકે પૂજાય છે.

સંત શ્રી સુખરામ ભગતના મુખકમળમાંથી ઈશ્વરભક્તિ અર્થે–પરમાર્થે જે અમૃતવાણી પદ સ્વરૂપે પ્રાપ્ત થઈ છે તે ખોડાભાઈના ભગીરથ પ્રયાસને આભારી છે. ‘સુખવિલાસ’માં ભજન, કીર્તન, ઝીલણિયાં, ગરબી, પ્રભાતિયાં, ધોળ તેમજ રામાપીરનું આરાધન કરતી સ્તુતિઓ વગેરે સ્વરૂપનાં પદો રહેલાં છે. બધાં સ્વરૂપની કુલ મળીને 252 પદરચનાઓ પ્રાપ્ત થાય છે.

સંતવાણીની પરંપરા અનુસાર ‘સુખવિલાસ’ની શરૂઆતમાં ગણેશસ્તુતિ અને ગુરુવંદનાનાં પદો રહેલાં છે. તેમનું ગણેશ સ્તુતિનું પદ જોઈએ તો–

**‘જોગકળાની તમે જુક્તિ જાણો છો, સરવેના કાજ સુધારો રે**

**નાથ મારા ગણપતિ વહેલા પધારો રે જી ... ટેક’** (સુખરામબાપુ 01)

આત્માને સંબોધીને સંત શ્રી ‘બ્રહ્મસત્ય જગત મિથ્યા’ એ પ્રમાણેનું દર્શન રજૂ કરે છે. પોતાના સરળ-સહજ પદોમાં સામાન્ય જનસમુદાયને હૃદયભેદક રીતે સ્પર્શી જાય તે રીતે તત્ત્વબોધ કે દર્શન પીરસે છે. સંસારની મોહમાયામાં ફસાયેલા જીવાત્માને બહાર લાવવા માટે તેને સંબોધતાં તેઓ કહે છે કે,

**‘એવો કોલ તો કરી આવ્યો રે, બોલ તો તારો નવ રે પળ્યો રે જી.**

**0 0 0**

**એવા સુત-વિત-દારા રે, કલ્યાણ તારું નહિ તો કરે રે જી.**

**એજી તે તો તુંને જમપુરીમાં લઈ જાય... એવો કોલ.’** (સુખરામબાપુ 02-03)

આ રીતે સુખરામ ભગત સાંસારિક મોહમાયાથી નિર્લેપ રહીને ઈશ્વર ભજવાની વાત સમજાવે છે. જ્યારે તેમના શિષ્ય કે કોઈ ઈશ્વરભક્ત પર સંકટ આવી પડે છે ત્યારે તેઓ ઈશ્વરસ્તુતિરૂપે રામાપીરનું સ્મરણ કરતા, ભજનો રચતા અને ગાતા હતાઃ

**‘એવા પીરતો રામા પહોંચો રે, ધારુ પેલા ધુન રે ધણી રે જી.**

**0 0 0**

**એવા છત્રધારી ચડજો રે, લીલે ઘોડે લગામ ધરી રે જી.’** (સુખરામબાપુ 02)

નરસિંહ મહેતા જે રીતે કૃષ્ણને ભજતા તે ભાવે અહીં સુખરામબાપુ રામાપીરનું ભજન કરતા જણાય છે.

**‘અજર અજમલરા તમે કાન ધરો કિરતાર, વેદ વદે છે.**

**તમે અધમ ઓધારણ આપ.’** (સુખરામબાપુ 03)

–આ પદ આકાશવાણીના રાજકોટ કેન્દ્ર પરથી રેડિયોમાં વહેલી સવારના ‘અર્ચના’ કાર્યક્રમ અંતર્ગત અવાર-નવાર સાંભળવા મળે છે. ‘સુખવિલાસ’નાં ઘણાં પદો વહેલી સવારના ભક્તિરચનાના કાર્યક્રમોમાં આકાશવાણી પરથી રજૂ થતાં રહ્યાં છે.

તેઓ કેટલાંક પદમાં ‘સત્સંગ’નો મોટો મહિમા કરે છે. સાથોસાથ માનવમનની ચંચળતા પર આકરા પ્રહારો કરતાં પદો પણ આપે છેઃ

**‘એવો મનનો ખેલ મોટો રે, બેસે નહિ ધીર તો ધરી.**

**0 0 0**

**મન રાજાને બે રાણીઓ, કુમતિ સુમતિ તેનાં નામ.**

**કુમતિને વશ થઈ વરતે, સુમતિનું ધરે નહિ કાન.**

**એવું ચંચળ થઈને ચાલે રે, શાંતિ જેને ન મળે જરી.’** (સુખરામબાપુ 06)

તે જ રીતે તત્કાલીન સમાજદર્શનની સાથેસાથે વિફરેલા સમાજજીવન પર તેઓ શબ્દના ચાબખા વિંઝે છે:

**'એવો કળજુગ આવ્યો ભારી રે, જાગી જુઓ જુગના પતિ,**

**0 0 0**

**ગૌ બ્રાહ્મણની નહિ ગણતરી, નહિ મનમાં દયા લગાર.**

**દાન પુન્ય દીસે નહિ, ખોટા વધ્યા ખ્યાલ.**

**0 0 0**

**આચાર્યોએ ઉત્પાત માંડ્યો, ધુતવા લાગ્યા ધન.**

**સેવકનું સારું ન ઇચ્છે, આપે કરે આનંદ.'** (સુખરામબાપુ 07)

સુખરામ ભગતની વાણીમાં ઈશ્વરનું ગુણગાન ઉત્કૃષ્ટ પ્રકારે થયું છે. તેમણે કીર્તન સ્વરૂપનાં પદોમાં જમુનાજી, શ્રીરામ, શ્રીકૃષ્ણનું ગુણગાન કર્યું છે. તેમણે ઈશ્વર ભજનમાં તલ્લીન બનીને અહંકાર વગેરે ષડ્-રિપુઓથી આત્માને ચેતવાનો બોધ આપે છે.

'ઝીલણિયાં'એ 'સુખવિલાસ'ની વિશેષ પદરચના છે. તેને એક વ્યક્તિ દ્વારા આખા સમૂહને ગવડાવી શકાય છે. આથી તેમાં સમૂહગાન સાથે એકતાનો ભાવ પણ રહેલો છે. તે ભક્તિભાવને સમર્પિત સ્વરૂપ છે. આ ઉપરાંત 'સુખવિલાસ'ની ગરબીમાં દાસભાવે કૃષ્ણભક્તિનું આલેખન થયું છે. તેમનાં પ્રભાતિયાંમાં નરસિંહ મહેતાની અસર પણ વરતાય છે. ધોળ સ્વરૂપનાં પદમાં સુપુરુષ (ઈશ્વર)નું વિવિધતા ભર્યું આલેખન થયું છે. તેમાં સુખરામ ભગતનું 'રામાયણ' અંગેનું ગહન જ્ઞાન પ્રગટ થાય છે. તેમનાં આત્માને સંબોધીને રચાયેલાં પદો શૈલીની દૃષ્ટિએ ભોજા ભગતની યાદ અપાવનારાં છે. આ રીતે સંત શ્રી સુખરામ ભગતની મોટાભાગની પદરચનાઓમાં ઈશ્વરભક્તિ કે હરિભજન તથા સત્સંગનો મહિમા ગવાયો છે.

આમ, 'સુખવિલાસ' પદસંગ્રહનાં પદોમાં ભક્તિનો માર્ગ અને ગુરુનો મહિમા છે. રામાપીરને મદદે બોલાવતી આર્દ્રવાણી સંભળાય છે, તો ભજનોમાં ભવોભવના ફેરામાંથી છુટવાનો માર્ગ બાતવાયો છે. તેમની રચનાઓમાં ભક્તની આકરી કસોટી, ઈશ્વરતત્ત્વને સમજવાનો પ્રયાસ અને આત્માને ઓળખવાનો તલસાટ છે. સર્વભૂતેષુને નીરખવાની આર્ષદૃષ્ટિનો નજારો છે. સુખરામ ભગત પોતે રામાપીરના ભક્ત હતા તેથી તેમના પર કીર્તનો રચ્યાં છે. તેમજ સહુ કોઈ સાથે મળીને ગાઈ શકાય તેવાં ઝીલણીયાં તો અદ્‌ભુત છે જ. સુખરામબાપુ પાસે પરલૌકિક જ્ઞાન હતું તેથી તેમણે પોતાને મળેલ જ્ઞાનનો પરમાર્થે ઉપયોગ કરીને આપણને 'સુખવિલાસ' નામે પદરચનાઓ આપી. 'સુખવિલાસ'માં રહેલી સંતવાણીનું પ્રભેદન કર્યા પછી એમ જણાય છે કે, સંતવાણી જીવ અને જગતના કલ્યાણ અર્થે પરમાર્થી સંતના સંતપણામાંથી સહજપણે ભીતરથી ફૂટી નીકળતી કલ્યાણકારી વાણી હોય છે. જે સમાજનું ઘડતર કરવાની સાથેસાથે સમાજને સંસ્કારી બનાવે છે. સંતસુખરામના જીવન અને તેમની ભક્તિ રચનાઓમાંથી પ્રસાર થયા પછી લોકસાહિત્યમાં જનેતાને સંબોધીને લલકારાતો સોરઠી દુહો અહીં બરાબર બંધ બેસે છે:

**'જનની જણ તો ભગત, કા દાતા કા શૂર,**

**નહીંતર રે'જે મા તું વાંઝણી મત ગુમાવીશ નૂર.'**

'સુખવિલાસ' સંતસાહિત્યના અભ્યાસીઓ અને સંશોધકો માટે આકર્ષણબિંદુ બની રહે તેવો પદસંગ્રહ છે. છતાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં સૂક્ષ્મ દૃષ્ટિ કરીએ તો જણાય છે કે હજુ સુખરામ ભગત તથા એમના જેવા અન્ય સંતોની અમૃતવાણી અને જીવન-કાર્યનો હજુ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં સમાવેશ થઈ શક્યો નથી. જાણીતા અભ્યાસી ડૉ. નિરંજન રાજ્યગુરુએ તેમના 'સૌરાષ્ટ્રનું સંતસાહિત્ય' (ઈ.સ. 2000) પુસ્તકમાં સૌરાષ્ટ્રનાં 356 જેટલાં સંતો, મહંતો તથા ભક્ત કવિઓનો પારંપારિક કુળ અને મૂળ સહિતનો ખૂબ જ ટૂંકમાં પરિચય આપ્યો છે. જેમાં તેમણે પૃષ્ઠ 83 ઉપર 340માં ક્રમે 'સુખારામ' એવા નામ સાથે સંત સુખરામનો ભજનિક કવિ તરીકે પરિચય આપી 'સુખવિલાસ' ગ્રંથનો ઉલ્લેખ કર્યો છે. તેમજ તેમણે બરકત વિરાણી કૃત 'સૌરાષ્ટ્રના સંતો' પુસ્તકમાં સુખારામનો પરિચય મળે છે - એવો ઉલ્લેખ પણ કર્યો છે. સામાજિક સમરસતાનો સૂર સંતોના કાર્ય અને સાહિત્યમાં મૂળભૂતપણે વણાયેલો જણાય છે. વર્તમાન સમયની જરૂરિયાત પ્રમાણે સમરસ સમાજની વિચારણા સમગ્ર ભારતવર્ષમાં ચાલી રહી છે ત્યારે સૌરાષ્ટ્ર તેમજ સમગ્ર ગુજરાતની ધરતીનો ખૂણે ખૂણો તપાસી સંતોએ આપેલ સંતવાણી અને સંતોના જીવન-કાર્યનો અભ્યાસ હાથ ધરવામાં આવે એ જરૂરી છે.

**સંદર્ભ સૂચિઃ**


- ભટ્ટ, જશવંત, અને લાખાણી, બરકત. *ભક્તશ્રી સુખરામજી.* ત્રીજી આવૃત્તિ, દોસ્તી પ્રકાશન, 2010.
- રાજ્યગુરુ, નિરંજન. *સૌરાષ્ટ્રનું સંતસાહિત્ય.* બીજી આવૃત્તિ, સત્ નિર્વાણ ફાઉન્ડેશન, 2000.
- સુખરામબાપુ, ભક્તશ્રી. *સુખવિલાસ.* રામજીમંદિર (મોટા ભમોદ્રા), સંવત 2060.


---


**કનુભાઈ બ. બારૈયા** (M.A., B.Ed., NET, GSET),
અધ્યક્ષ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રીમતી હંસાબેન નવીનચંદ્ર શાહ અનુસ્નાતક ગુજરાતી વિભાગ,
શ્રી આર્ટ્સ, કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, ખંભાત.
E-mail: kanu.baraiya14@gmail.com